# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

****************************************************

1) ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન આજે બપોરે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે.
2) કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવે તમિલનાડુમાં બે મુખ્ય ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરના વિકાસની જાહેરાત કરી.
3) અમેરિકાએ હુતી આંતકવાદીઓ ઉપર કરેલા હવાઇ હુમલામાં 24નાં મોત.
4) અવકાશમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સ અને વુલ્મરને પરત લાવવાની પ્રક્રિયાના ભાગરૂપે અવકાશયાત્રીઓ આંતરરાષ્ટ્રીય સ્પેસ સેન્ટર પહોંચ્યા.
5) ફિટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત કેન્દ્રિયમંત્રી ડો. મનસુખ માંડવિયાએ અમદાવાદના સાબરમતી રિવરફ્રંટ ખાતે સન્ડે ઓન સાયકલ અંતર્ગત તબીબો સાથે સાયકલ ચલાવી.

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW ZEALAND PM VISIT

ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન આજે બપોરે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે. તેમની સાથે મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, વ્યવસાયો, મીડિયા અને ભારતીય ડાયસ્પોરા સમુદાયના સભ્યો સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આવશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ન્યુઝીલેન્ડના તેમના સમકક્ષ સાથે ભારત-ન્યુઝીલેન્ડ સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરશે. શ્રી લક્સન 10મા રાયસીના સંવાદ-2025ના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે અને મુખ્ય ભાષણ આપશે. તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે.

પ્રધાનમંત્રી લક્સન મુંબઈની પણ મુલાકાત લેશે જ્યાં તેઓ વ્યાપારી નેતાઓ સાથે વાતચીત કરશે. ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રીની આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . .

# PM - RAISINA DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં તેમના ન્યુઝીલેન્ડના સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન સાથે રાયસીના સંવાદ 2025નું ઉદ્ઘાટન કરશે. રાયસીના સંવાદની 10મી આવૃત્તિ આવતીકાલથી 19 માર્ચ સુધી યોજાઈ રહી છે.

રાયસીના સંવાદ એ ભારતનું ભૂરાજનીતિ અને ભૂ-અર્થશાસ્ત્ર પરની મુખ્ય પરિષદ છે જે વૈશ્વિક સમુદાય સામેના સૌથી પડકારજનક મુદ્દાઓને ચર્ચા માટેનો એક મંચ છે.. દર વર્ષે વિશ્વસ્તરના રાજકારણીઓ, વ્યવસાય, મીડિયા અને સામાજીક અગ્રણીઓ નવી દિલ્હીમાં વિશ્વની સ્થિતિની ચર્ચા કરે છે. આ પરિષદનું આયોજન ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા વિદેશ મંત્રાલય સાથે ભાગીદારીમાં કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

## VAISHNAW- ELECTRONICS

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે તમિલનાડુમાં બે મુખ્ય ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરના વિકાસની જાહેરાત કરી છે. એક હજાર 112 કરોડ રૂપિયાના રોકાણ સાથે આ ક્લસ્ટરો પિલ્લઈ પક્કમ અને મનાલ્લુર ખાતે સ્થાપિત કરાશે. આ પહેલનો ઉદ્દેશ્ય વૈશ્વિક ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને ઉત્પાદન ક્ષેત્રમાં ભારતનું સ્થાન મજબૂત કરવાનો છે. આ

જાહેરાત ગઈકાલે ચેન્નાઈમાં ઝેટવર્ક ઇલેક્ટ્રોનિક્સની નવી ઉત્પાદન સુવિધાના ઉદ્ઘાટન દરમિયાન કરવામાં આવી હતી.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે 15 એકરમાં ફેલાયેલી આ સુવિધા તમિલનાડુના ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગને વેગ આપવામાં અને 500 અબજ ડોલરના ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને ઉત્પાદન બજાર પ્રાપ્ત કરવાની ભારતની મહત્વાકાંક્ષાને ટેકો આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . . . . .

# VAISHNAW-HYPERLOOP

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, IIT ચેન્નાઈ ખાતે 410 મીટર લાંબી હાઇપરલૂપ ટેસ્ટ ટ્યુબ એશિયાની સૌથી લાંબી હાઇપરલૂપ ટેસ્ટ સુવિધા છે અને ટૂંક સમયમાં વિશ્વની સૌથી લાંબી પણ બનશે.

શ્રી વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત ટૂંક સમયમાં હાઇપરલૂપ પરિવહન માટે તૈયાર થઈ જશે, કારણ કે હાલમાં વિકાસ હેઠળની ટેકનોલોજીએ અત્યાર સુધી હાથ ધરાયેલા પરીક્ષણોમાં આશાસ્પદ પરિણામો આપ્યા છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે આ પરિયોજના માટેના ઇલેક્ટ્રોનિક્સ સાધનો ચેન્નાઈમાં ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF) ખાતે વિકસાવવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# NATIONAL VACCINATION DAY

આજે દેશભરમાં રાષ્ટ્રીય રસીકરણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. રસીકરણના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 16 માર્ચે આ દિવસ ઉજવવામાં આવે છે. આરોગ્ય મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રના દરેક બાળકને સુરક્ષિત રાખવાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે રસીકરણ એક મુખ્ય પરિબળ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મંત્રાલય, રાજ્ય સરકારો અને સમર્પિત ફ્રન્ટલાઈન આરોગ્ય કાર્યકરો સાથે મળીને બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

મિશન ઇન્દ્રધનુષ 2014 માં સંપૂર્ણ રસીકરણ કવરેજને ઝડપથી વધારવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ બાળ મૃત્યુદર ઘટાડવાનો અને બાળકો માટે સંપૂર્ણ રસીકરણ કવરેજની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે. મિશન ઇન્દ્રધનુષનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે 2 વર્ષથી ઓછી ઉંમરના તમામ બાળકો અને સગર્ભા સ્ત્રીઓને બધી ઉપલબ્ધ રસીઓ સાથે સંપૂર્ણ રસીકરણ મળે.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH NORTH EAST

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આસામ અને મિઝોરમની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન પૂર્વોત્તર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠકની અધ્યક્ષતા કરશે.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય, ભારતીય ન્યાય સંહિતાના અમલીકરણની સમીક્ષા કરવાનો છે. જેમાં વિવિધ રાજ્યોમાં તેના અમલીકરણની પ્રગતિ પર ચર્ચા કરવામાં આવશે.

અમિત શાહ, આજે કોકરાઝાડમાં ઓલ બોડો સ્ટુડન્ટ્સ યુનિયન (એબીએસયુ)ના 57મા વાર્ષિક સંમેલનને સંબોધિત કરશે. તેઓ બપોરે ગૌહાટી પહોંચશે અને આસામ, મેઘાલય, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ અને સિક્કિમના મુખ્યમંત્રીઓ સાથે મુલાકાત કરશે.

. . . . . . . . . . . . . . .

# US-YEMEN-STRIKE

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકાએ યમનની રાજધાની સના પર અનેક હવાઈ હુમલા શરૂ કર્યા હતા જેમાં 24 લોકોના મોત નીપજ્યા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે જ્યાં સુધી ઈરાન સમર્થિત હુતી બળવાખોરો મહત્વપૂર્ણ દરિયાઈ કોરિડોર પર હુમલો કરવાનું બંધ ન કરે

ત્યાં સુધી આ કાર્યવાહી ચાલુ રહેશે. આ સાથે જ તેમણે ઈરાનને બળવાખોર જૂથને ટેકો આપવાનું બંધ કરવાની ચેતવણી પણ આપી.

. . . . . . . . . . . . . . . .

# DAY-US-TORNADO

અમેરિકામાં વિનાશક વાવાઝોડામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. મિઝોરીમાં સૌથી વધુ જાનહાનિ થઇ હતી. આ વાવાઝોડાએ અનેક રાજ્યોને તબાહ કરી દીધા. અરકાનસાસના અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યમાંથી વાવાઝોડા પસાર થતાં ઇન્ડિપેન્ડન્સ કાઉન્ટીમાં ત્રણ લોકો મૃત્યુ પામ્યા હતા અને આઠ કાઉન્ટીઓમાં ૨૯ અન્ય ઘાયલ થયા હતા.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PAKISTAN- IED BLAST

પાકિસ્તાનના ક્વેટામાં ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED) વિસ્ફોટમાં આતંકવાદ વિરોધી દળ (ATF) ના એક જવાનનું મોત થયું હતું જ્યારે છ અન્ય ઘાયલ થયા હતા. કરણી વિસ્તારમાં બરોરી રોડ પર પેટ્રોલિંગ કરી રહેલા આતંકવાદ વિરોધી દળના વાહનને નિશાન બનાવીને આ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, જેમાં ATF ના સાત જવાન ઘાયલ થતા તમામને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં એકનું મોત નીપજ્યું હતું. આ હુમલો થતાં ક્વેટા ડિવિઝનમાં ટ્રેનોની અવરજવર અટકાવી દેવાઇ છે.

ઉલ્લેખનીય છે કે 11 માર્ચના રોજ, બલૂચ લિબરેશન આર્મી (BLA) એ બોલાન ખીણમાં ક્વેટાથી પેશાવર જતી ટ્રેન, જાફર એક્સપ્રેસનું અપહરણ કર્યું હતું. ટ્રેનમાં 200 સુરક્ષા કર્મચારીઓ સહિત 450 થી વધુ મુસાફરો સવાર હતા.

. . . . . . . . . . . . . . .

# SPACE-X - CREW 10 MISSION

સ્પેસએક્સના ક્રૂ-10 મિશનના સફળ ડોકીંગ પછી નાસાના અવકાશયાત્રીઓ એન મેકક્લેન અને નિકોલ આયર્સ, જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA) ના અવકાશયાત્રી તાકુયા ઓનિશી અને રોસકોસ્મોસ અવકાશયાત્રી કિરિલ પેસ્કોવ સાથે આજે સવારે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર પહોંચ્યા.

શુક્રવારે ટેક્સાસથી લોન્ચ કરાયેલ સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાન ભારતીય સમય મુજબ સવારે 9:35 વાગ્યે ISS પર પહોંચ્યું. આ મિશન બે નાસા અવકાશયાત્રીઓ, સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને પૃથ્વિ ઉપર પરત લાવવા માટેની આશા સાથે નિકળ્યાં છે.

. . . . . . . . . . . . . . . .

## FIT INDIA MANSUKH MANDAVIYA

કેન્દ્રિય ખેલ અને યુવા મંત્રી ડો. મનસુખ માંડવિયાએ આજે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સન્ડે ઓન સાયકલ અંતર્ગત તબીબો સાથે સાયકલ ચલાવી ફિટ ઈન્ડિયાનું ઉદાહરણ પુરૂ પાડ્યું. આ સાથે જ અનેક લોકો પણ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે સન્ડે ઓન સાયકલ એ આખા દેશમાં એક કલ્ચર બની ગયું છે. આજે 5 હજારથી વધારે જગ્યા પર આ કાર્યક્રમનુ આયોજન થઈ રહ્યું છે.

# (બાઈટ- કેન્દ્રિય મંત્રી ડો. મનસુખ માંડવિયા)

આ સાથે જ આજે શ્રી માંડવિયા નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે ફિટ ઇન્ડિયા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. ત્રણ દિવસીય ફિટનેસ અને વેલનેસ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વધુ સ્વસ્થ અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ દરમિયાન, દોરડા કૂદવા, ક્રિકેટ બોલિંગ, સ્થિર સાયકલિંગ અને પંજા લડાઈ જેવી રમતોનું આયોજન કરવામાં આવશે.

પ્રધાનમંત્રી દ્વારા મેદસ્વિતા દૂર કરવાના આહ્વાનને વધુ બળ આપવા માટે આ પણ કાર્યક્રમ વધુ અસરકારક સાબિત થઇ રહ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# WOMEN-S-RAILWAY-STATION

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડીએ કહ્યું છે કે હૈદરાબાદનું બેગમપેટ રેલ્વે સ્ટેશન સંપૂર્ણપણે દક્ષિણ મધ્ય રેલ્વેની મહિલા કર્મચારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. શ્રી રેડ્ડીએ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રેલ્વે સ્ટેશન પર ચાલી રહેલા કાર્યનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું કે આ સ્ટેશનનું ટૂંક સમયમાં જ સંપૂર્ણપણે મહિલા રેલ્વે સ્ટેશન તરીકે ઉદ્ઘાટન કરવામાં આવશે. બેગમપેટ રેલ્વે સ્ટેશનને બે તબક્કામાં આધુનિક બનાવવા માટે લગભગ 40 કરોડ

રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શ્રી રેડ્ડીએ જણાવ્યું હતું કે પુર્નવિકાસનું લગભગ 90 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. તેમણે કહ્યું કે તેલંગાણામાં લગભગ 40 રેલ્વે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

# WB - HEATWAVE

ભારતીય હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળમાં અને આવતીકાલે પશ્ચિમ મેદિનીપુર, પશ્ચિમ વર્ધમાન, પુરુલિયા, બાંકુરા અને ઝારગ્રામ જિલ્લાઓમાં ગરમીનું મોજું ફરી વળવાની સંભાવના વ્યક્ત કરી છે. આ સાથે જ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ રહેશે. મહત્તમ તાપમાન 5 ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહી શકે છે.

બીજી તરફ, દક્ષિણ બંગાળના અન્ય જિલ્લાઓમાં તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે જે સામાન્ય કરતા 3 થી 4 ડિગ્રી સેલ્સિયસ વધુ છે. હવામાન વિભાગે 20 અને 21 માર્ચે દક્ષિણ બંગાળના કેટલાક જિલ્લાઓમાં વરસાદની પણ આગાહી પણ કરી છે.

. . . . . . . . . . . . . . .

# KASHMIR SNOWFALL

કાશ્મીરના ઘણા વિસ્તારોમાં બરફવર્ષા થઈ હતી અને કેટલાક અન્ય ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. અનંતનાગ, કુલગામ, શોપિયા, પુલવામા, ગુલમર્ગ, સોનમર્ગ અને પહેલગામમાં હિમવર્ષા થઈ. બાંદીપોરા જિલ્લાના ગુરેઝ, કુપવાડાના કેટલાક વિસ્તારો અને ખીણના દૂરના વિસ્તારોમાં પણ હિમવર્ષાના અહેવાલો છે. કાશ્મીરના અન્ય ભાગોમાં હળવો વરસાદ ચાલુ છે.

. . . . . . . . . . . . . . . .